# ઈરાન સાથે સમાધાન માટે અમેરિકાએ ચાર કોઠાઓ ભેદવાના છે

પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સાથે સમાધાન સાધવા માટે રઘવાયા થયા છે. અગાઉની ભયંકર ધમકીઓ, એ ધમકીઓનું ફુસ્સ થવું, ત્યારબાદ પાકિસ્તાનમાં વાટાઘાટો અને ફરીથી ધમકીઓની હારમાળા બતાવે છે કે હારી રહેલા ઈરાન કરતાં જીતવાનો દાવો ઠોકનાર ટ્રમ્પને સમાધાન અને યુદ્ધ વિરામની વધુ તાલાવેલી છે. એક મોટો વર્ગ માની રહ્યો ચે કે આ પ્રકારનું, દુનિયાની સૌથી મોટી મહાસત્તાનું વર્તન પરાજયનો જ એક પ્રકાર છે. મહાસત્તાને ન છાજે એવું વર્તન અમેરિકાનું રહ્યું છે અને હજી સ્થિતિ થાળે પડી નથી અને દરેક પક્ષને માન્ય હોય એવું કોઈ સમાધાન થયું નથી. પ્રમુખ ટ્રમ્પે કપરી કસોટીઓ પાર કરવાની છે. તેમાંની ચાર મુખ્ય છે.

થોડા દિવસોમાં પાકિસ્તાનના ઈસ્લામાબાદ ખાતે વાટાઘાટોનો બીજો દૌર શરૂ થવાની શક્યતા છે. સમાધાન એ કરાવી શકે જેનો બન્ને પક્ષો પર પ્રભાવ હોય, ધાક હોય. એક ભીખારી, સત્તાવિહિન દેશ માત્ર અમુક કલાકો માટે ખોલી ભાડે આપી શકે. દુનિયાના કોઈ સમર્થ દેશે કોલસાની આ દલાલીમાં રસ દાખવ્યો નથી. વચ્ચે સમાચાર એવા આવ્યા હતા કે ડોનાલ્ડ ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને મંત્રણાઓમાં સ્ટેજ આપવા, મધ્યસ્થી કરવા વિનંતી કરી હતી, પરંતુ ભારત સરકાર તે માટે તૈયાર થઈ નથી. જો કે ફોન પર જે જે વાતો થઈ તેનું કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી.

હોર્મુઝ ખાડી પર ઈરાને તાળું માર્યું તો અમેરિકાએ મોટું તાળું મારી દીધું છે. દુનિયા અનેક નાનાં મોટાં અર્થતંત્રો તેના પરિણામે નુકસાનીઓ ભોગવી રહ્યા છે.

ભારતના અર્થતંત્રને પણ ફટકો પડ્યો છે. જેઓની પાસે પોતાનાં તેલ અને ગેસનાં સ્ત્રોત અને સંસાધનો છે. તેઓને બાદ કરતા જગતના તમામ દેશો પર હોર્મુઝ-બંધીની અવળી અસર પડવાની છે, બલ્કે પડી રહી છે. કદાચ સમાધાન થઈ જાય તો પણ ખાડીમાં ઈરાને ફાવે તેમ બેસાડેલી સુરંગો શોધવી અને તેનો નિકાલ કરવામાં દિવસો અને કદાચ મહિનાઓ લાગી જશે. ખાડીમાં એક પટ્ટો ઈરાને પોતાનાં જહાજો માટે સુરક્ષિત રાખ્યો છે. ત્યાં સુરંગો બીછાવી નથી. સમાધાન બાદ ઈરાન એ પટ્ટો તમામ દેશો માટે ખુલ્લો કરે તો તેલ પુરવઠાની ઝડપથી પુનઃ સ્થાપના થઈ શકશે. પરંતુ પ્રથમ સવાલ એ છે કે શું વાટાઘાટો થશે? અને થાય તો અમેરિકા અને ડોનાલ્ડ ટ્રમ્પે કંઈ ચાર કસોટીઓ માટે તૈયાર રહેવું પડશે? વાચકો આ વાંચશે ત્યાં સુધીમાં વાટાઘાટો અંગેના સમાચારો મળી જશે.

પ્રથમ તો ડોનાલ્ડ ટ્રમ્પે એ પુરવાર કરવું પડશે કે એ જે સમજૂતી પર સહી કરશે તે પ્રમુખ ઓબામાએ એમના સમયમાં જે સમજૂતી કરી હતી તેના કરતાં વધુ માત્રામાં અમેરિકાની તરફેણમાં છે. 2015માં ઓબામાએ ઈરાન સાથે સમજૂતી કરી હતી અને 2018માં પ્રમુખ ટ્રમ્પે સમજૂતીને રદબાતલ કરી હતી. મનું કહેવું હતાં કે ઓબામાએ કરેલી સમજૂતી વધુ પડતી ઈરાનના પક્ષમાં છે અથવા હતી. એ ઉપરાંત વર્તમાન યુદ્ધ શરૂ થયું તે અગાઉ ફેબ્રુઆરીમાં ઈરાને સમજૂતીઓ માટેનો જે દસ્તાવેજ રજૂ કર્યો હતો તેના કરતાં પણ નવી સમજૂતી અમેરિકાના પક્ષમાં એવું પણ ટ્રમ્પ સરકારે સાબિત કરવું પડશે. અન્યથા અબજો ડૉલર ખર્ચ કર્યો, દુનિયાને આર્થિક ડામાડોળમાં મૂકી દીધું તેનો અર્થ શો? જો નવી સમજૂતી અમેરિકાની તરફેણમાં નહીં હોય તો પણ જાતે યુદ્ધ શરૂ કર્યું અને જાતે હારી ગયા તેવો ઘાટ અમેરિકા માટે સર્જાયો તેવા મેણાં સાંભળવા પડશે. ટ્રમ્પે ઘર-આંગણે પણ એ ફટાણાઓનો ભોગ બનવું પડશે.

ડોનાલ્ડ ટ્રમ્પે એ પણ પુરવાર કરવું પડશે કે હોર્મુઝ ખાડી પર ઈરાનનું આધિપત્ય કાયમ માટે સ્થાપિત થયું નથી. 2015માં ઈરાન સાથે સાધેલી અને પાછળથી ફોક થયેલી સમજૂતી બાદ અણુશસ્ત્ર અને પરમાણુ સંવર્ધનમાં ઈરાનમાં ખૂબ જ પરિવર્તનો આવ્યાં છે. હવે 2015નો સમય રહ્યો નથી. ઈરાન પરમાણુ કાર્યક્રમમાં આજે છે એટલું આગળ ત્યારે ન હતું. આજે ઈરાન પાસે 440 કિલોગ્રામ સંવર્ધિત યુરેનિયમ છે. તેનો બોમ્બ બનાવવા માટે થોડા દિવસો જ લાગે. એ તાકાતના જોરે ઈરાન પણ વાટાઘાટોમાં પોતાની હેસિયત ઊંચી રાખશે.

હકીકતમાં ટ્રમ્પે સંધિ રદ કરી ત્યારબાદ ઈરાનને યુરેનિયમ સમૃદ્ધ કરવા માટે આગળ વધવામાં મોકળું મેદાન મળી ગયું હતું. આર્થિક પ્રતિબંધો અને ઈઝરાયલ દ્વારા હતાશ કરે એવા પગલાંઓ બાદ પણ ઈરાને પોતાની ધ્યેય પ્રાપ્તિ ચાલુ રાખી હતી. આથી આજે પરમાણુ શસ્ત્ર બાબતમાં ઈરાનને વધુ સકંજામાં લઈ શકાય એવી સ્થિતિ રહી નથી. આજે ઈરાન કહે છે કે એ યુરેનિયમનું સંવર્ધન ચાલુ રાખશે, પરંતુ અણુ બોમ્બ બનાવશે નહીં. વચ્ચે રશિયા આવ્યું છે. એ કહે




છે કે ઈરાને જે 440 કિલોગ્રામ યુરેનિયમ સમૃદ્ધ કર્યું છે તે રશિયામાં રાખવામાં આવે અને રશિયા તેની રખેવાળી કરશે. પરંતુ સમૃદ્ધ યુરેનિયમ રશિયામાં જ રાખવાનું હોય તો તેને સંવધિંત કરવાનો ફાયદો શો? દેશો ભલે ગાઢ મિત્રો હોય પણ તેઓ અમુક બાબતોમાં એક બીજા પર ભરોસો કરતા હોતા નથી. કારણ કે કયા સમયે ભૌગોલિક-રાજકીય સમીકરણો પલટાઈ જાય તે કહી શકાય નહીં. યુદ્ધ સમયે નિયમો અને બાહેંધરીઓ નેવે મૂકાઈ જતી હોય છે. કદાચ અમેરિકા પણ નહીં સ્વીકારે કે યુરેનિયમ એ રશિયાની નિગરાની હેઠળ રાખવામાં આવે જે પોતે યુક્રેન સામે લડાઈ લડી રહ્યું છે અને એ રીતે નાટો દેશો સામે લડી રહ્યું છે. ઈરાન ઘર-આંગણે યુરેનિયમ સમૃદ્ધ કરી રહ્યું છે તે અમેરિકા માટે સર્વપ્રથમ સમસ્યા હતી અને આજે પણ છે. ગઈ 26 ફેબ્રુઆરીના રોજ જીનિવામાં ઈરાન-અમેરિકા મંત્રણા યોજાઈ ત્યારે અમેરિકાની ટીમે આગ્રહ રાખ્યો હતો કે ઈરાન હવે પછીના દસ વર્ષ સુધી યુરેનિયમ સમૃદ્ધ બનાવવાની યોજના મોકૂફ રાખે. તે સામે ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીનું કહેવું હતું કે અમે વધુમાં વધુ ત્રણ વર્ષ માટે સંવર્ધન કાર્યક્રમ રોકવા ઈરાન તૈયાર હતું. ત્યારબાદ છેલ્લે ઈસ્લામાબાદમાં વાટાઘાટો થઈ તેમાં અમેરિકાએ વીસ વર્ષ માટે મોકૂફ રાખવાની શરત મૂકી હતી. એ પછી શરત વધુ અઘરી બની જે ક્રમશઃ વધુ અઘરી બનતી ગઈ. પ્રમુખ ટ્રમ્પે એક મિડિયા મુલાકાતમાં જણાવ્યું હતું કે એમને વીસ વર્ષના સસ્પેન્શનની ઓફર પણ પસંદ નથી. એ ઈચ્છે છે કે યુરેનિયમ સંવર્ધિત કરવા માટેનો પ્રતિબંધ કાયમ માટે હોવો જોઈએ.

બીજી તરફ એ પણ હકીકત છે કે ઈરાનનો પરમાણુ સંવર્ધિત યંત્રણાઓને તાજેતરના યુદ્ધમાં ઈઝરાયલ-ઈરાને મળીને બેસુમાર નુકસાન પહોંચાડ્યું છે અને કોઈ જાણતુ નથી કે એ વ્યવસ્થાઓ ક્યારે ફરી કામ કરતી થશે?

વર્ષ 2015માં ઓબામા સરકાર અને ઈરાન વચ્ચે જોઈન્ટ કોમ્પ્રીહેસિવ પ્લાન ઓફ એક્શન (જેસીપીઓએ) પર સહીઓ થઈ હતી. તે મુજબ ઈરાનને પંદર વર્ષ સુધી યુરેનિયમને માત્ર એટલી માત્રામાં જ સમૃદ્ધ કરવાની છૂટ અપાઈ હતી જેટલી એના નાગરિક સેવાના ઉદ્દેશ્યો (જેમ કે વીજળી) માટે

**હોર્મુઝ ખાડી પર ઇરાને તાળું માર્યું તો અમેરિકાએ મોટું તાળું મારી દીધું છે. દુનિયા અનેક નાનાં મોટાં અર્થતંત્રો તેના પરિણામે નુકસાનીઓ ભોગવી રહ્યા છે**

જરૂરી હોય. ઈરાન પાસેના યુરેનિયમના જથ્થાને 300 કિલોગ્રામ અર્થાત 3.65 ટકા સુધી મર્યાદિત રાખવાની પણ શરત હતી. આજે તેની પાસે લગભગ 441 કિલોગ્રામ છે. તે પણ અગાઉના કરતા અત્યંત સમૃદ્ધ છે. તેમાંથી તાબડતોબ બોમ્બ બનાવી શકાય. ઈરાનનું કહેવું છે કે અમેરિકા અને પશ્ચિમે ઈરાન પર આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા તે ઊઠાવી લેવામાં ન આવે તો તે માટેની વાટાઘાટોમાં ઈરાનનો હાથ ઉપર રહે તે હેતુથી 2019થી ઈરાને યુરેનિયમને વધુ અને વધુ શુદ્ધ કરવા માંડ્યું હતું. હવે અમેરિકાનો આગ્રહ છે કે ઈરાનનું તમામ શુદ્ધ યુરેનિયમ અમેરિકામાં ખસેડવામાં આવે અને તેના પર અમેરિકાની નિગરાની રહે.

ટ્રમ્પ માટે ત્રીજો મુદ્દો ઈરાન પરના આર્થિક પ્રતિબંધોને હળવા અથવા દૂર કરવા વિશેનો છે. 2015ના કરારમાં વિદેશોમાં સ્થગિત કરાયેલી ઈરાનની મૂડીમાંથી એકસો અબજ ડૉલર મુક્ત કરવાનો અને ઈરાન પરના તેલ વેપાર પ્રતિબંધોને હળવા કરવાનો નિર્ણય લેવાયો હતો. હમણા જીનિવામાં થયેલી મંત્રણા મુજબ ઈરાન પરના આર્થિક પ્રતિબંધોમાંથી 80 ટકા ઊઠાવી લેવાની ઓફર ઈરાનને અપાઈ હતી. અમુક પ્રતિબંધો ચાલુ રાખવા ટ્રમ્પ એટલા માટે ઈચ્છે છે કે ઈરાનને રાહતની જે રકમ મળશે તેનો તે કેવી રીતે ઉપયોગ કરે છે તે અમેરિકા જોવા માંગે છે. જોકે આ પ્રાવધાનનું કોઈ ખાસ મહત્ત્વ નથી. સામે ઈરાનની એવી શરત છે કે પ્રતિબંધો દૂર કરાય તે કાયમ માટે હોવા જોઈએ. આ માટે ઈરાન બાહેંધરી માગી રહ્યું છે.

ચોથો કોઠો એ ભેદવાનો છે. જેમાં ઈરાની પ્રોક્સી ત્રાસવાદી જૂથો, જેવાં કે હમાસ, હિઝબુલ્લાહ અને હૂતીને આર્થિક મદદ ન કરે અથવા તેઓને પાળીપોષીને મોટા કરે નહીં. બેલાસ્ટિક મિઝાઈલના નિર્માણ પર અંકુશ મૂકવાની શરતો તેમ જ હોર્મુઝ ખાડીના ભવિષ્યના અંકુશ મુદ્દે જોગવાઈ કરવાની રહેશે. હાલમાં તો ટ્રમ્પ કાર્ડ (હૂકમનો એકો) ઈરાનના હાથમાં જણાય છે. આવી બધી ગડમથલ ચાલી રહી છે તે દરમિયાન એક દિવસ પ્રમુખ ટ્રમ્પે અચાનક ટ્વીટ પર ટ્વીટ કરીને જાહેર કર્યું કે હોર્મુઝ ખાડી અમેરિકા અને ઈરાન બંને દ્વારા ખુલ્લી મૂકી દેવાઈ છે. અણુ પ્રવૃત્તિઓ અટકાવી દેવા ઈરાન તૈયાર થઈ ગયું છે. ગયા શુક્રવાર સવાર (અમેરિકા)ની એ જાહેરાતથી દુનિયા રાહતભર્યા અચંબામાં મૂકાઈ ગઈ. પરંતુ ટ્રમ્પના ટ્વીટ બાદ ઈરાનના વિદેશ મંત્રીએ પણ અણસાર આપ્યો કે વેપારી જહાજો માટે ખાડી ખુલ્લી મૂકવામાં આવી છે. ફલતઃ તેલની કિંમતોમાં નોંધપાત્ર ઘટાડો થયો. લાગે છે કે આ રીતે બઝારને ઊઠાપટક કરાવીને કોઈક મોટી રકમ કમાઈ રહ્યું છે. ઈરાનના ઈન્કાર બાદ તેલની કિંમતો ફરી વધી. જ્યારે ટ્રમ્પ અને ઈરાન આટ આટલા સંવેદનશીલ છે ત્યારે બઝારે તેલ જૂઓ અને તેલની ધાર જુઓ નીતિ અપનાવવી જોઈએ. કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પના બયાનો વિવેકશૂન્ય અને જૂઠા હોય છે. પાકિસ્તાનમાં બીજી વખત વાટાઘાટોનો તખ્તો, આ લખાઈ રહ્યું છે ત્યારે તૈયાર થઈ રહ્યો છે. ઈરાનની પછવાડે રશિયા અને ચીન છે. પ્રમુખ ટ્રમ્પે પોતાને પુરવાર કરવાના છે. મડાગાંઠ વધુ જટિલ બનશે જો ઈરાન મચક નહીં આપે. રવિવારે ઈરાને જાહેર કર્યું કે આવી દિશાવિહિન વાટાઘાટોનો કોઈ અર્થ નથી તેથી એનું પ્રતિનિધિ મંડળ ભાગ લેવા પાકિસ્તાન જવાનું નથી. પરંતુ જ્યારે સ્થિતિ પ્રવાહી હોય ત્યારે પક્ષકારો પણ જાણતા હોતા નથી કે પરિણામો શું આવશે? હાલમાં તો અમેરિકાએ ઈરાનને એના અણુવીજળી મથકો અને રોડ પરના પૂલો તેમ જ સરકારી માળખાઓને તબાહ કરવાની ચેનવણીનો ફરીથી પુનરોચ્ચાર કર્યો છે. આ સપ્તાહમાં દુનિયા શાંતિ અને અશાંતિ વચ્ચે હાલકડોલક બનશે.